RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 167, Dt.28-09-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# મુંબઈને ફરી હચમચાવાનું ત્રાસવાદી ષડયંત્ર

## મહારાષ્ટ્રમાં તહેવારો અને વિધાનસભા ચૂંટણીના વાતાવરણ વચ્ચે પોલીસ સામે નવો પડકારઃ મહાનગરના ભીડભાડવાળા વિસ્તારોમાં હુમલાની શક્યતા જોતા પોલીસ દ્વારા મોકડ્રીલ શરૂઃ દબાણો હટાવાયા, લોકોની અવર – જવર માટે બેરીકેટઃ તમામ ઝોન ડીસીપીઓને ખાસ જવાબદારી

**મુખ્ય સમાચાર,મુંબઈ**

ગુપ્તચર એજન્સીએ એવા ઈનપુટ આપ્યા છે કે આતંકવાદીઓ ફરી એકવાર દેશની આર્થિક રાજધાની મુંબઈમાં આતંક મચાવવાની યોજના બનાવી રહ્યા છે. આતંકવાદી ખતરાના એલર્ટને ધ્યાનમાં રાખીને સુરક્ષા વ્યવસ્થા સઘન કરી દેવામાં આવી છે. સંભવિત આતંકવાદી હુમલાના ખતરા અંગેના ઈનપુટ્સ સુરક્ષા એજન્સીઓ સાથે શેર કરવામાં આવ્યા છે. જે બાદ મુંબઈમાં પોલીસની કડકાઈ વધી ગઈ છે. વિવિધ સ્થળોએ પોલીસ દળો તૈનાત કરવામાં આવ્યા છે અને દરેક ખૂણે ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સુરક્ષા એજન્સીના એલર્ટ બાદ મુંબઈમાં અનેક ધાર્મિક સ્થળો અને અન્ય ભીડવાળા સ્થળોએ કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. પોલીસને ગીચ સ્થળો અને ધાર્મિક સ્થળોએ નમોક ડ્રીલથ કરવા સૂચના આપવામાં આવી છે. શહેરના તમામ ડીસીપીને પણ પોતપોતાના ઝોનમાં સુરક્ષા વ્યવસ્થા પર વિશેષ ધ્યાન આપવા જણાવાયું છે.

એક અધિકારીએ જણાવ્યું કે શુક્રવારે પોલીસે ક્રાફર્ડ માર્કેટ વિસ્તારમાં મોકડ્રીલ કરી હતી. આ એ વિસ્તાર છે જ્યાં ભારે ભીડ હોય છે. અહીં બે મુખ્ય ધાર્મિક સ્થળો પણ છે. સુરક્ષા કવાયત અંગે પોલીસે સત્તાવાર રીતે કહ્યું હતુ કે સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ કવાયત હતી.



પરંતુ આ બધું અચાનક કેમ કરવામાં આવી રહ્યું છે તે અંગે તેણે કંઈ જણાવ્યું ન હતું. પોલીસનું કહેવું છે કે આગામી તહેવારો અને ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને મુંબઈમાં ક્રાફર્ડ માર્કેટ અને અન્ય સ્થળોએ મોક ડ્રીલ કરવામાં આવી રહી છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે શહેરના તમામ મંદિરોને એલર્ટ રહેવા સૂચના આપવામાં આવી છે અને સાવચેતીના પગલા તરીકે કોઈપણ શંકાસ્પદ પ્રવળત્તિની જાણ કરવા કહેવામાં આવ્યું છે. તમને જણાવી દઈએ કે તહેવારોની સિઝન શરૂ થવા જઈ રહી છે. નવરાત્રી આવવાની છે. દરેક જગ્યાએ દુર્ગા પૂજા ઉજવાશે. આ પછી કરવા ચોથ અને પછી દિવાળી આવશે. આવી સ્થિતિમાં બજારોમાં પણ ઘણી ભીડ જોવા મળશે. વર્ષના અંતમાં વિધાનસભાની ચૂંટણી પણ યોજાવાની છે. તહેવારોની સિઝનમાં દરેક વ્યક્તિ વ્યસ્ત હોય ત્યારે આતંકવાદીઓ આવી તકો શોધે છે. આથી પોલીસ અત્યારથી જ એલર્ટ મોડ પર આવી ગઈ છે.

સિકયોરિટી એજન્સીઓએ મુંબઈમાં ધાર્મિક સ્થળો પર આતંકવાદી હુમલો થઈ શકે છે એવી અલર્ટ મોકલાવ્યા બાદ ગઈ કાલે સવારથી જ મુંબઈમાં મંદિરો અને જૈનોનાં દેરાસરોની બહાર પોલીસ-બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. દરેક ડેપ્યુટી કમિશનર ઑફ પોલીસને તેમના ઝોનમાં આવતાં ધાર્મિક સ્થળોને પ્રોટેક્શન પૂરું પાડવાનું કહેવામાં આવ્યું હતું.

મોટા ભાગનાં મંદિરોમાં ગઈ કાલે સવારથી જ પોલીસના અધિકારીઓ પહોંચી ગયા હતા. જે જગ્યાએ સિકયોરિટી નહોતી આપી ત્યાં મંદિરના સંચાલકોને ધ્યાન રાખવાનું કહેવામાં આવ્યું હતું. કાંદિવલીની એક હવેલીના ટ્રસ્ટીએ કહ્યું હતુ કે નપોલીસે અમારે ત્યાં આવીને અમુક ઈન્સ્ટ્રક્શન આપી હતી.

# નવી 3000 ટ્રેન શરૂ થશે એટલે વેઈટીંગ નહીં રહે : રેલવે મંત્રી વૈશ્નવ

## ટ્રેનોની સુરક્ષા વધારવાને પણ પ્રાથમિકતા આપવામાં આવી રહી છેઃ સરકારનું ફોક્સ નવી ટ્રેન સાથે ટ્રેકના વિસ્તરણ પર પણ છે



**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

રેલવેમાં વેઈટીંગની સમસ્યા દુર કરવા માટે વધુ 3000 ટ્રેન દોડાવવી પડે તેમ છે અને સરકાર આ દિશામાં કાર્યવાહી કરી રહી હોવાનું કેન્દ્રીય રેલવેપ્રધાન અશ્વીની વૈષ્ણવે કહ્યું હતું.

તેઓએ કહ્યું કે દેશમાં હાલ ૨૨000 ટ્રેન દોડી રહી છે છતાં વધુ 3000 ટ્રેનની જરૂર છે. જે સંજોગોમાં ઘણા અંશે વેઈટીંગની સમસ્યા દુર થશે. છેલ્લા વર્ષોમાં વધારાની ટ્રેન દોડાવવા સાથે ટ્રેકની ક્ષમતા પણ વધારવામાં આવી છે.

સરકારનું ફોક્સ નવી ટ્રેન સાથે ટ્રેકના વિસ્તરણ પર પણ છે.છેલ્લા એક વર્ષમાં ૫૩00 કીમીના ટ્રેક બનાવાયા હતા. હજુ ૪0,000 કીમીના ટ્રેકનું નિર્માણ થશે ટ્રેનોની સુરક્ષા વધારવાને પણ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.

એક લાખ કીમીમાંથી માત્ર 3000 કીમીનાં ટ્રેકનું મેઈનટેનન્સ બાકી છે. રેલ દુઘર્ટના રોકવા ‘કવચ’ લગાડવાનું કામ ચાલી રહ્યું છે. આવતા છ વર્ષમાં સમગ્ર રેલ નેટવર્કને કવચ લગાડી દેવાશે યુરોપમાં કવચનો ખર્ચ પ્રતિ કિલોમીટર ૧0 કરોડ છે જે ભારતમાં માત્ર ૭0 લાખ છે.

દિવાળી-છઠના તહેવારોમાં ૧0૮ ટ્રેનમાં જનરલ કોચ વધારાયા છે ૧0૫00 સ્લીપર કોચ મંજુર કરાયા છે.

# ગીર સોમનાથ જીલ્લાનાં ઈતિહાસમાં સૌથી મોટુ ડીમોલીશન કરાયું

## મંદિર પાછળ નવ જેટલા ધાર્મિક સ્થાન સહિતનાં દબાણો દુરઃકલેકટર, આઈજીપી, એસપી અને ૧૨00 પોલીસ જવાનો સહીતનો બંદોબસ્ત ખડકાયો“

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

વેરાવળનાં બાર જયોતિર્લીંગ સોમનાથ મંદિરની પાછળ છેલ્લા ઘણા સમયે ધાર્મિક સ્થળો સહીતનુ અનેક ગેરકાયદે બાંધકામ થતા જીલ્લા કલેકટરનાં માર્ગદર્શન હેઠળ ગત મધરાત્રે મહા ડીમોલીશન હાથ ધરી ૯ જેટલી ધાર્મિક જગ્યાઓ દુર કરાતા તંગદીલી ફેલાઈ છે. આઈ.જી.પી. પોલીસ વડાની ઉપસ્થિતિમાં એસઆરપી અને પોલીસ બંદોબસ્ત હેઠળ કાર્યવાહી શરૂ થતા વહેલી સવાર સુધીમાં અનેક દબાણો હટાવી ટ્રસ્ટ હસ્તકની જમીન ખુલ્લી કરાવી હતી. આ કામગીરી દરમ્યાન ૭0 જેટલા લોકોની અટકાયત કરાઈ હતી.

ગીર સોમનાથ જીલ્લાનાં ઈતિહાસમાં સૌથી મોટુ ડીમોલીશન જિલ્લા કલેકટર દિગ્વીજયસિંહ જાડેજાનાં માર્ગદર્શન હેઠળ ગત મધરાતે શરૂ થયું હતું. જેમાં પાંચ હિટાચી, 30 જેસીબી ૫0 ટ્રેકટર ૧0 ડમ્પર સહીતની મશીનરી સાથે સોમનાથ મંદિર, પાછળ ટ્રસ્ટની જમીનમાં ગેરકાયદે ખડકાયેલા દબાણોમાં પાકા બાંધકામો અને ૯ જેટલાં ધાર્મિક સ્થાન તોડી પડાતા લોકોનો મોટો સમુદાય એકઠો થતાં ડીમોલીશન સ્થળે તંગદીલી સર્જાતા પોલીસે ૭0 જેટલા લોકોની અટકાયત કરી હતી. ડીમોલીશનનાં પગલે સોમનાથ સર્કલ અને ભીડીયા સર્કલ પરનો માર્ગ અવર-જવર માટે બંધ કરાયો હતો.

ડીમોલીશન વેળાએ આઈજીપી નિલેશ જંજળીયા, એસ.પી. મનોહરસિંહ જાડેજા, ત્રણ એસ.પી. ડીવાયએસપી ૫0 પીઆઈ, પીએસઆઈ, ૧૨00 જેટલા પોલીસ જવાનોનો લોખંડી બંદોબસ્ત ગોઠવી સવાર સુધીમાં ડીમોલીશન પાર પાડવામાં આવ્યું હતું. સોમનાથ વિસ્તારમાં વર્ષો બાદ આ મોટામાં મોટુ ઓપરેશન સફળતાપુર્વક પાર પાડવામાં આવ્યું હતું. સોમનાથ ટ્રસ્ટની કરોડો રૂપિયાની જમીન ખુલ્લી થઈ હતી.



ેરાવળનાં સોમનાથ મંદિર પાછળ ગેરકાયદે ખડકાયેલા દબાણો દુર કરવા વર્ષો બાદ વહીવટી તંત્રએ મેગા ડીમોલીશન હાથ ધરી અનેકવિધ દબાણો દુર કર્યા હતા. જેમાં બંદોબસ્ત જાળવવા એસ.આર.પી અને પોલીસ અધિકારીઓ જવાનોની મદદ લેવાઈ હતી

સોમનાથ મંદિર પાછળ ગત રાત્રીનાં મેગા ડિમોલીશન દરમ્યાન પોરબંદર, જુનાગઢ, ગીર સોમનાથ જીલ્લાની એસ.આર.પી. કંપની અને પોલીસ અધિકારીઓ અને ૧૨00 જેટલા પોલીસ જવાનોએ બંદોબસ્ત જાળવી એક ધાર્મિક સ્થળે વિરોધ કરનાર ૭ વ્યકિતઓની અટકાયત કરી હતી. તંગદીલી સર્જાતા પોલીસે તેની પર કાબુ મેળવ્યો હતો.

# નાણામંત્રી સીતારામન સામે FIR નોંધવા હાઈકોર્ટનો આદેશ

## જનાધિકાર સંઘર્ષ સંગઠનના આદર્શ અય્યરે નિર્મલા સીતારમણ અને અન્યો વિરુદ્ધ વ્યક્તિગત ફરિયાદ નોંધાવી હતી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

જનાધિકાર સંઘર્ષ સંગઠનના આદર્શ અય્યરે નિર્મલા સીતારમણ અને અન્યો વિરુદ્ધ વ્યકિતગત ફરિયાદ (PCR) નોંધાવી હતી. પીસીઆરમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે ચૂંટણી બોન્ડ દ્વારા ગેરવસૂલી કરવામાં આવી હતી.

બેંગલુરુની એક કોર્ટે કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારમણ વિરુદ્ધ ખંડણીના આરોપમાં FIR નોંધવાનો આદેશ આપ્યો છે. બેંગલુરુમાં જનપ્રતિનિધિઓની વિશેષ અદાલતે આ ઋઈંછ નોંધવાનો આદેશ આપ્યો છે. જનાધિકાર સંઘર્ષ સંગઠનના આદર્શ અય્યરે નિર્મલા સીતારમણ અને અન્યો વિરુદ્ધ વ્યક્તિગત ફરિયાદ (PCR) નોંધાવી હતી.

પીસીઆરમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, ચૂંટણી બોન્ડ દ્વારા ગેરવસૂલી કરવામાં આવી હતી. આ પછી, બેંગલુરુમાં જનપ્રતિનિધિઓની વિશેષ અદાલતે નિર્મલા સીતારમણ વિરુદ્ધ ઋઈંછનોંધવાનો આદેશ આપ્યો. આ આદેશ ૪૨મી એસીએમએમ કોર્ટે જારી કર્યો છે. તિલક નગર પોલીસ હવે નિર્મલા સીતારમણ અને અન્યો વિરુદ્ધ FIR દાખલ કરશે.

નોંધનીય છે કે, કેન્દ્રએ ૨0૧૮ માં ચૂંટણી બોન્ડ યોજના શરૂ કરી હતી અને તેનો ઉદ્દેશ્ય રાજકીય પક્ષોને આપવામાં આવતા રોકડ દાનને બદલવાનો હતો, જેથી રાજકીય ભંડોળમાં પારદર્શિતામાં સુધારો થાય. ચૂંટણી બોન્ડ દ્વારા રાજકીય પક્ષોને ફંડ આપવામાં આવતું હતું પરંતુ તેનો ખુલાસો કરવામાં આવ્યો ન હતો. જો કે, બાદમાં વિપક્ષના આક્ષેપો અને અરજીઓને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટે તેને રદ કરી દીધી હતી.



અત્રે ઉલ્લેખનીય છે કે, ચૂંટણી બોન્ડને સુપ્રીમ કોર્ટે ગેરબંધારણીય ગણાવીને રદ્દ કર્યા હતા અને તેની તમામ વિગતો બહાર પાડવાની ફરજ પાડી હતી. જેમાં ઘટસ્ફોટ થયો હતો કે અનેક ટોચની કંપનીઓએ સરકારી કોન્ટ્રાકટ મેળવ્યા તે સમયે તેઓએ ચૂંટણી બોન્ડ ખરીદીને ભાજપને આ નાણા આપ્યા હતા અને તેનાથી ભ્રષ્ટાચાર થયો હોવાની પણ શંકા હતી.

ચૂંટણી બોન્ડનું વેચાણ દેશમાં ધારાસભ્ય અને લોકસભાની ચૂંટણી પૂર્વે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા થતું હતું જેમાં ખરીદનારની માહિતી જાહેર થતી હતી પરંતુ તેને કયાં રાજકીય પક્ષને આ બોન્ડ આપ્યા છે તે માહિતી બહાર આવતી ન હતી. જે પણ બહાર પાડવાની સુપ્રીમ કોર્ટે ફરજ પાડી હતી.

# નવરાત્રીના પ્રથમ ત્રણ દિવસ સુધી વરસાદ પડવાની સંભાવના

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સાયક્લોનિક સર્ક્યુલેશનના પગલે ગુજરાતમાં છેલ્લા ત્રણેક દિવસથી મેઘાવી માહોલ જામ્યો છે. જેમાં રાજ્યના અલગ-અલગ ભાગોમાં ૫ ઈંચ સુધીનો વરસાદ વરસ્યો છે.



ચોમાસાની વિદાય વેળા મેઘરાજાએ મહેર કરતાં આગામી દિવસમાં આવી રહેલ નવરાત્રીની તૈયારીમાં લાગી ગયેલા ગરબા આયોજકો અને ખેલૈયાઓમાં ચિંતા પેઠી છે. એવામાં જાણીતા હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે આગામી દિવસોમાં વરસાદની સ્થિતિને લઈને મોટી આગાહી કરી છે. અંબાલાલ પટેલના જણાવ્યા મુજબ, હજુ આજે પણ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે. ખાસ કરીને અમરેલી, ભાવનગર, જૂનાગઢ, રાજકોટ, સુરેન્દ્રનગર, કચ્છ, પોરબંદર, દ્વારકા, જામનગરમાં વરસાદની શક્યતા છે. ભારે પવન સાથે વરસાદ તૂટી પડવાની શક્યતાને જોતા ખેતરમાં ઉભા રહેલા ધાન્ય પાકોનો સોંથ વળી જવાની ભીતિ રહેશે. આ ઉપરાંત વિષમ હવામાનની વિપરિત અસરના કારણે કૃષિ પાકોમાં રોગની શકયતા રહેશે.આગામી ૫ ઓક્ટોબર સુધી હાથિયો નક્ષત્રમાં પણ ગુજરાતના કેટલાક ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ વરસી શકે છે. જેથી આગામી ૩ ઓક્ટોબરથી શરૂ થવા જઈ રહેલી નવરાત્રીના પહેલા ત્રણેક દિવસ ગુજરાતના ભિન્ન-ભિન્ન ભાગોમાં વરસાદ પડી શકે છે.

# હિમાચલ – કાશ્મીરમાં સિઝનની પ્રથમ હિમવર્ષા

## ઉતરપ્રદેશ, બિહાર, ગુજરાત, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, સહિતના રાજયોમાં સતત વરસાદથી હવે કૃષિક્ષેત્રે નુકશાનીનું જોખમ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**


ઉતર ભારતના પહાડી રાજયોથી માંડીને ગુજરાત સહીત પશ્ચિમ પૂર્વનાં રાજયો સુધી ભારે વરસાદનો કહેર જારી રહ્યો છે.હિમાચલ તથા જમ્મુ-કાશ્મીરમાં હિમવર્ષા પણ શરૂ થઈ ગઈ છે.

હિમાચલ પ્રદેશ તથા જમ્મુ-કાશ્મીરમાં કયાંક વરસાદ અને કયાંક હિમવર્ષા થઈ હતી. ઉતરાખંડનાં પર્વતીય ભાગોમાં વરસાદ ચાલુ રહેવા સાથે રાજયના અનેક જીલ્લાઓમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે.બિહારનાં ૧0 થી વધુ જીલ્લાઓમાં પુરનું સંકટ સર્જાયુ છે. અને ચેતવણી જારી કરવામાં આવી છે.

જાણકારોનાં કહેવા પ્રમાણે વર્તમાન હિમવર્ષા કૃષિક્ષેત્ર માટે જોખમ સર્જી શકે છે. કાશ્મીરનાં ગુલમર્ગમાં સીઝનની પ્રથમ હિમવર્ષા થઈ હતી. આ સિવાય ગુરેજ, રાજદાન, ટાપ સિંથનટાપ સહીતનાં ઉચ્ચ પર્વતીય ભાગોમાં પણ સીઝનની પ્રથમ હિમવર્ષા થઈ હતી.

શ્રીનગર તથા જમ્મુ ક્ષેત્રમાં ભારે વરસાદ વરસ્યો હતો તોફાની પવન પણ ફુંકાયો હતો. બિહારમાં ૧0 જીલ્લામાં પુરની ચેતવણી આપવામાં આવી છે. ભારેવ વરસાદ વચ્ચે નદીઓ ગાંડીતુર છે.

ઉતર પ્રદેશમાં પણ ભારે વરસાદનો કહેર જારી રહ્યો હતો વિજળીના કડાકા ભડાકા સાથે ગાજવીજ સાથેના વરસાદથી લોકો ફફડયા હતા. કૃષિપાકને વ્યાપક નુકશાન થવાની આશંકા વ્યકત કરવામાં આવી છે.



અયોધ્યા સહીતના જીલ્લાઓનાં માર્ગો તરબોળ બન્યા હતા. અમેઠી, સુલતાનપુર, ધનપતગંજ, અલીજંગ જેવા ભાગોમાં જળબંબાકારની હાલતથી શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી હતી.

પશ્ચિમ બંગાળનાં અનેક ભાગોમાં ભારે વરસાદથી સ્થિતિ વચ્ચે પર્વતીય સ્થળ દાર્જીલીંગમાં પણ લોકો પરેશાનીમાં મુકાયા હતા. ગુજરાત, મહારાષ્ટ્ર, સહીતના રાજયોમાં પણ ભારે વરસાદની સ્થિતિ યથાવત જ રહી છે.

# ચીનનીઅતિ આધુનિક અણુ સબમરીન રહસ્યમય રીતે ડૂબી


## મહત્વકાંક્ષી નૌકા કાર્યક્રમમાં ચીનને ફટકો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દક્ષિણ ચીન સમુદ્રમાં સર્વોપરિતા માટે ચીને તેની નૌકાદળની તાકાતમાં વધારો કરવા માટે કરેલા આયોજનમાં એક મોટો ફટકો પડયો છે અને કોરોનાના ઉદભવ માટે કુખ્યાત થયેલા ચીનના વુહાનમાં શીપબ્રેકીંગ ગાર્ડમાં તૈયાર થઈ રહેલી એક અતિ આધુનિક અણુ સબમરીન રહસ્યમય રીતે ડૂબી ગઈ હોવાના અહેવાલ અમેરિકી એજન્સીએ આપ્યા છે.

ચીનનો સબમરીન પ્રોજેકટ અમેરિકા સહિતના દેશો માટે મોટો પડકાર બની ગયો હતો. અમેરિકી સત્તાવાર સુત્રોએ માહિતી આપી હતી કે ગત મે કે જુન માસમાં હુચાંગ શીપયાર્ડમાં કોઈ દુર્ઘટનાને કારણે આ અણુ સબમરીન પાણીમાં ગરક થઈ ગઈ હતી. જોકે ચાઈનીઝ સતાવાળા પર તેના પર મૌન સેવી રહ્યા છે અને આ દુર્ઘટના પર ઢાકપીછોડો કરવા કરેલા પ્રયત્નો છતાં પણ અમેરિકી સેટેલાઈટની નજરમાંથી તે બચી શકી ન હતી.

અમેરિકી સંરક્ષણ વિભાગના સુત્રોએ રોઈટર સમાચાર સંસ્થાને આપેલી એક મુલાકાતમાં જણાવ્યું હતુ ચીનના મહત્વકાંક્ષી અણુ સબમરીનમાં ઝોયુકલાસની આ સબમરીન એ અત્યંત આધુનિક ગણાય છે અને તે ડોક ઉપર તે અંતિમ તબકકામાં નિર્માણ થઈ રહ્યું હતું. તે સમયે જ કોઈ કારણોસર તે ડૂબી ગઈ હતી. જોકે તેમાં અણુ ઈંધણ ભરાયું હતું કે કેમ તે અંગે હજુ કોઈ સ્પષ્ટ અહેવાલ આવ્યા નથી.



વોલ સ્ટ્રીટ જનરલના રીપોર્ટ મુજબ ડૂબેલી સબમરીનને ફરી સપાટી પર લાવવામાં ચીની ડોક યાર્ડના નિષ્ણાતોને સફળતા મળમી છે પરંતુ તે હવે આખરી ઓપરેશનમાં મૂકાશે કે તેમ તે પ્રશ્ન છે.

અમેરિકી સુત્રો કહે છે કે, સબમરીનમાં અણુ ઈંધણ હોવાની શકયતાએ ચીનના અણુ નિષ્ણાંતો સમુદ્રના પાણીમાં રડીએશન અંગે ચકાસણી કરી રહ્યા છે.

પીપલ્સ લીબ્રેશન આર્મી જે ચીનની મિલટ્રી બોડી છે તેને આ ઘટનાને સમર્થન આપ્યું ન હતું પરંતુ સબમરીન ડૂબી જવા પાછળ તેના કારણો અંગે પણ ચર્ચા છે. અગાઉ પણ ચીનની એક આ પ્રકારે સબમરીન દુર્ઘટનાનો શિકાર બની હતી.

# ભાદરવે ચોમાસું જામ્યુંઃ સૌરાષ્ટ્રમાં અનરાધાર ૬ ઈંચ

## નર્મદા જિલ્લામાં ૭ ઈંચ, જૂનાગઢ, ઉમરપાડા-૫, ધોરાજી, માણાવદર, માંગરોળ, પોરબંદર, ઉપલેટા, તાલાલા, ભાણવડમાં ૪ ઈંચ ખાબક્યો



**મુખ્ય સમાચાર,રાજકોટ**

ભાદરવા માસનો પ્રારંભ થતાં જ ચોમાસુ વિદાય લેતું હોય છે. પરંતુ અડધો ભાદરવો પુરો થયો છતાં મેઘરાજાએ નવુ સ્વરૂપ પ્રગટ કરી છેલ્લા ત્રણ દિવસથી રાજયમાં મોટાભાગના તાલુકાઓમાં અનરાધાર વરસવાનું શરૂ કર્યુ છે. જેમાં ગઈકાલે સૌરાષ્ટ્ર ઉપર મહેરબાન થઈ જૂનાગઢ, માણાવદર, ધોરાજી, માંગરોળ, પોરબંદર, ઉપલેટા, તાલાલા, ભાણવડ સહિતના પંથકમાં ૪થી ૬ ઈંચ જેટલો વરસાદ વરસી જતાં નદીઓ ફરી વખત બે કાંઠે વહેતી જોવા મળી હતી. જેના લીધે અનેક જળાશયોમાં નવા નીરની આવક થતાં ડેમ ઓવરફ્લો થયા હતાં. સતત ત્રણ દિવસથી વરસતા વરસાદને પગલે ખેડુતોના અમુક પાકને ફાયદો થયાનું જ્યારે ખેતરમાં તૈયાર કરીને રાખવામાં આવેલા પાકને વ્યાપક નુક્શાન થયાનું જાણવા મળેલ છે.

રાજ્યભરમાં ગઈકાલે પણ ૨૩૩ તાલુકાઓમાં ૧થી ૭ ઈંચ વરસાદ વરસ્યો હતો. જેમાં ખાસ કરીને દક્ષિણ સૌરાષ્ટ્રના મોટાભાગના તાલુકાઓમાં અનરાધાર વરસાદ વરસ્યાના અહેવાલ પ્રાપ્ત થયા છે. નર્મદા જિલ્લામાં સાગબારા અને સુરતના ઉમરપાડામાં ૫ થી ૭ ઈંચ વરસાદ જ્યારે સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગરના લખતર તાલુકામાં ૬ ઈંચ, જૂનાગઢ ૫ ઈંચ, ઉપલેટા પાંચ ઈંચ, ધોરાજી ૪૫ તથા માણાવદર, માંગરોળ, પોરબંદર, ઉપલેટા, ભાણવડ અને તાલાલા પંથકમાં ૪ ઈંચ જેટલો ભારે વરસાદ વરસી ગયો હતો. જ્યારે વિસાવદર, વંથલી, લાલપુર, મેંદરડા, ગોંડલમાં ૩ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. તેવી જ રીતે સુરેન્દ્રનગરના ચુડા, કુકાવાવ, જામ કંડોરણા, કોટડા સાંગાણી, જેતપુર, ભેંસાણ, ચોટીલા, માળિયા હાટીના, કેશોદ, વાંકાનેર, ગીરગઢડા સહિતના પંથકમાં એક ઈંચથી અઢી ઈંચ જેટલું પાણી વરસી ગયું હતું. હવામાન વિભાગ દ્વારા સતત પાંચ દિવસ ભારે વરસાદની આગાહીના પગલે છેલ્લા ત્રણ દિવસથી રાજ્યના મોટાભાગના તાલુકાઓમાં અનરાધાર વરસાદ વરસી રહ્યો છે. સુરત, નવસારી, તાપી, જિલ્લાને ઘમરોળ્યા બાદ ગઈકાલે સૌરાષ્ટ્રના મોટાભાગના જિલ્લાઓમાં અઢીથી ૬ ઈંચ સાર્વત્રિક વરસાદ વરસ્યો હતો. જેના કારણે શિયાળુ પાકનું વાવેતર થયું હોય તેવા ખેડુતોને વરસાદના કારણે મોટો ફાયદો થયો છે. જ્યારે પાક લણી લીધા બાદ ખેતરમાં પડ્યો હોય તેના ઉપર વરસાદ વરસતા અનેક ખેડુતોને નુકશાન થયાનું જાણવા મળેલ છે. ગઈકાલે સૌરાષ્ટ્રના છ જિલ્લામાં બે થી ૬ ઈંચ વરસાદ વરસતા મોટાભાગની નદીઓમાં પુરની સ્થિતિ જોવા મળી હતી. જેના લીધે અનેક શહેરોને પીવાનું પાણી પુરુ પાડતા જળાશયોમાં નવા નીરની આવક થઈ હતી. ડેમમાં નવા નીર આવતા સિંચાઈને મોટો ફાયદો થશે તેમ સિંચાઈ વિભાગે જણાવ્યું હતું.

# રાજકોટમાં રાત્રે મિનિ વાવાઝોડું, ૧૩૪ વૃક્ષો-પોલ-ડાળીઓ તૂટી



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરમાં ગઈકાલે પણ સમીસાંજથી ગાજવીજ સાથે વરસાદ શરૂ થયો હતો. ભારે પવન સાથે વરસાદ શરૂ થતાં શહેરમાં ભારે તારાજી સજાઈ હતી. ૨૦ મીનીટ સુધી ફૂકાયેલા સતત મીની વાવાઝોડા જેવા પવને ઘટાટોપ વૃક્ષો તેમજ તેની મોટી ડાળીઓ અને વિજ પોલ સહિતના ૧૩૪નો સોથ વાળી દીધો હતો આથી ફાયર વિભાગ દ્વારા યુદ્ધના દોરણે રોડ ઉપરથી વૃક્ષની ડાળીઓ એન વૃક્ષો હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. તેવી જ રીતે પીજીવીસીએલ દ્વારા પણ વીજ પોલ ઉભા કરવા અને વીજ પુરવઠો પુનઃ સ્થાપિત કરવા તડામાર કામ શરૂ કરવામાં આવ્યું હતું. ગઈકાલે સમીસાંજથી વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદ વરસવાનું શરૂ થયું હતું. થોડી વાર બાદ ભારે પવન ફૂકાવાનો ચાલું થતાં મીની વાવાઝોડું ફૂકાયું હોય તેમ ભારે પવન ચાલુ થતાં શહેરભરમાં તારાજી સર્જાઈ હતી. તેવી જ રીતે અલગ અલગ વિસ્તારોમાં વૃક્ષો ધરાશાયી થયાની ફરિયાદો મનપાના સીવીક સેન્ટર ખાતે નોંધાઈ હતી. જ્યારે વીજ પુરવઠો પણ અનેક વિસ્તારોમાં ખોરવાઈ ગયાની ફરિયાદો ઉઠવા પામેલ જેનું કારણ વીજ પોલ ધરાશાયી થયાનું જાણવા મળ્યું હતું.

ગઈકાલે સર્જાયેલા મીની વાવાઝોડાના કાણે ૧૩૪થી વધુ વૃક્ષ-વૃક્ષની ડાળીઓ અને વીજપોલ ધરાશાયી થયા હતાં. તેવી જ રીતે ભારે પવનના કારણે અનેક લોકોના કારખાનાના પતરાઓ ઉડવાની તેમજ ચીજ વસ્તુઓ ઉડી જવાની પણ ઘટનાઓ બની હતી.

# શહિદ ભગતસિંહ જયંતિ અને CYSS સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી





(તસ્વીરઃ આનંદ જાવિયા)

આજે શહિદ ભગતસિંહ જયંતિ અને છાત્ર યુવા સંઘર્ષ સમિતિ - CYSS ના ૧૨ માં સ્થાપના દિવસ નિમિત્તે આમ આદમી પાર્ટી વિદ્યાર્થી પાંખ છાત્ર યુવા સંઘર્ષ સમિતિ - CYSS દ્વારા ઉજવણી કરવામાં આવી. જેમાં શહિદ ભગતસિંહ ગાર્ડન ખાતે ભગતસિંહ જી ની પ્રતિમાને ફુલહાર કરવામાં આવ્યા, ગાર્ડનમાં સાફ સફાઈ ઉપરાંત ઝુંપડપટ્ટી વિસ્તારના બાળકોને નાસ્તા વિતરણ કરવામાં આવ્યુ. જેમાં CYSSપ્રદેશ ઉપપ્રમુખ સુરજ બગડા, પ્રદેશ મંત્રી કેયુર દેસાઇ, રાજકોટ પ્રમુખ પ્રણવ ગઢવી, મહામંત્રી અમન અન્સારી, કલાપી વારા, ફરાઝ મોગલ, ઉપપ્રમુખ વિજય સાગઠીયા, મંત્રી આર્યન પઠાણ, સાહીર માકડીયા, દિપ રાણપરીયા, યશ ગજેરા, રાજ વાળા વગેરે એ સમગ્ર કાર્યક્રમની જહેમત ઉઠાવી. આ ઉપરાંત વિશેષ આપ શહેર પ્રભારી સહદેવસિંહ સરવૈયા, પ્રમુખ તેજસભાઈ ગાજીપરા, મહામંત્રી સંજયસિંહ વાઘેલા, દિગુભા વાઘેલા, રાજલબેન ગઢવી, વિનુભાઈ પિપળીયા, અનિલભાઈ સાપરીયા, જયંતિભાઈ પટેલ, પાલજીભાઈ રાઠોડ, રાજભા પરમાર, શૈલેષ મોભેરા વગેરે હાજર રહેલ.

# દાહોદ દુષ્કર્મ કેસમાં NSUIનું વિરોધ પ્રદર્શન



**મુખ્ય સમાચાર,રાજકોટ**

દાહોદમાં ૬ વર્ષની બાળકી સાથે શાળાના આચાર્યએ હેવાનીયત આચરી અને હત્યા કરતા આ ઘટનાના પડઘા સમગ્ર ગુજરાત સહીત દેશભરમાન પડયા છે ત્યારે આ કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવવા અને ગૃહમંત્રીના રાજીનામાની માંગ સાથે એનએસયુઆઇ દ્વારા રાજકોટના કોટેચા ચોકમાં ચક્કાજામ કરી વિરોધ પ્રદર્શન કતા પોલીસ દ્વારા પાંચ કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી.

દાહોદ અને અન્ય શૈક્ષણિક સંસ્થામાં છેલ્લા ૭૨ કલાકમાં બનેલી ઘટનાઓ અંગે સંડોવાયેલા નરાધમો સામે કડકમાં - પગલાં ભરવા જોઈએ અને સમગ્ર કેસ ફાસ્ટ-ટ્રેક માં ચલાવવામાં આવે જેથી દાખલારૂપ સજા થાય તે રીતે કાર્યવાહી કરવામાં આવે. દાહોદની શાળામાં આચાર્ય દ્વારા આચરેલું કૃત્ય શિક્ષણજગતને શર્મસાર કરે તેવી ઘટના છે. દાહોદની સાથે બોટાદ, અમદાવાદ, રાજકોટમાં શિક્ષણ સંસ્થાનમાં જાતીય સતામણીની કરિયાદ ઉઠી છે ત્યારે કોની ઉપર ભરોસો મૂકવો તે સવાલ થાય છે. કરાત રાજ્યમાં સ્કૂલ મેનેજમેન્ટ કમિટી માત્ર કાગળ ઉપર છે. આ પ્રકારના બનાવોમાં શિક્ષણ વિભાગ લીપાપોતી કરવાને બદલે સંગીન પગલાં ભરે તેવી માંગ છે કર્મયોગી જેવી અનેક તાલીમોમાં લાખો રૂપિયા ખર્ચી નાખવામાં આવે છે ત્યારે કઈ પ્રકારની તાલીમ આ કૃત્ય આચરનાર નરાધમ શિક્ષકો મેળવી રહ્યા છે?

જે દાહોદના વિકૃત આચાર્ય ગોવિંદ નટ્ટ જોડે જે પૂર્વ મંત્રીનો ફોટો છે તેનાં ઉપર દુષ્કર્મની કરિયાદ ભૂતકાળમાં થયેલ છે. ગુજરાત રાજ્યમાં દીકરીઓ ભાજપના કુશાશનમાં સુરક્ષિત નથી તે આ કિસ્સાઓથી સ્પષ્ટ થાય છે. રાજ્યમાં બનેલ ઘટનાઓએ શિક્ષણજગતને શરમસાર કરી છે અને વાલીઓને ચિંતામાં મૂકી દીધા છે કે ભરોસો મૂકવો કૌની ઉપર? નરાધમ આયાર્યના નામે ત્રણથી વધુ કેસબુક એકાઉન્ટ દેખાય છે. તે એકાઉન્ટમાંથી ૨૦૧૫-૧૬ પછીના ઘણાંના કોઈપણ ફોટા દેખાતા નથી. શું કેટલાક ભાજપ આગેવાનોના ફોટા હશે ? જેને ડીલીટ કરવામાં આવ્યાં છે તેવો સંદેહ છે. રાજકીય વગ ધરાવનાર નરાધામ આયાર્યને બચાવવાનો કોઈપણ હિન પ્રયાસ થાય તેવી ચિંતા છે અને ઘટનાઓ અંગે સંડોવાયેલા નરાધમો સામે કડકમાં કડક પગલાં ભરવા જોઈએ અને સમગ્ર કેસ ફાસ્ટ-ટ્રેક માં ચલાવવામાં આવે તેવી ગુજરાત એનએસયુઆઈની માંગ છે.

# અયોધ્યામાં રામ મંદિર નિર્માણ વેગવંતુ : કામ ડિસેમ્બર અથવા મકરસંક્રાંતિ સુધીમાં પૂર્ણ થશે





**મુખ્ય સમાચાર,લખનૌ**

અયોધ્યામાં બની રહેલા રામ મંદિરના નિર્માણનું કામ તેજ ગતિએ ચાલી રહ્યું છે. મંદિરના બીજા માળે કામે વેગ પકડ્યો છે. રામ મંદિરના નિર્માણનું કામ પૂર્ણ કરવા માટે ડિસેમ્બર અથવા મકરસંક્રાંતિનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ વર્ષે ૨૨ જાન્યુઆરીએ રામ મંદિરમાં ભગવાન રામલલાના જીવનનો અભિષેક કરવામાં આવ્યો હતો અયોધ્યામાં રામ મંદિરના બીજા માળનું કામ ઝડપથી ચાલી રહ્યું છે. ઉપરાંત દિવાલનું કામ પણ પૂર્ણ કરવામાં આવી રહ્યું છે. તમને જણાવી દઈએ કે રામ જન્મભૂમિ ટ્રસ્ટે આ વર્ષે ડિસેમ્બરના અંત સુધીમાં અથવા જાન્યુઆરીમાં મકરસંક્રાંતિ સુધીમાં મંદિરનું નિર્માણ પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખ્યું છે. અયોધ્યામાં રામજન્મભૂમિ પર બની રહેલા ભવ્ય મંદિરમાં રામ લલ્લાના અભિષેક બાદ પ્રવાસીઓની સંખ્યામાં ઉત્તર પ્રદેશે નવો રેકોર્ડ બનાવ્યો છે. જાન્યુઆરીમાં મંદિરના ઉદઘાટન બાદ અયોધ્યા પર્યટન ભક્તો માટે નવું હોટસ્પોટ બની ગયું છે. અહીં આવનારા પ્રવાસીઓની સંખ્યામાં જબરદસ્ત વધારો થયો છે. માત્ર વર્ષના પ્રથમ છ મહિનામાં જ ૧૧ કરોડ પ્રવાસીઓ અયોધ્યા પહોંચ્યા હતા.

# માં ના અવનવા ગરબાનું બજારમાં આગમન





(તસ્વીરઃ આનંદ જાવિયા)

ગરબાને ગુજરાતની ૫૦૦૦ વર્ષની પરંપરાથી પ્રાપ્ત થયેલી આગવી કળાના સ્વરૂપે જોવાય છે. વિક્રમ સંવતના છેલ્લા પંચાવન દિવસમાં સોળ શ્રાદ્ધ પછી શરૂ થાય છે નોરતાં. વરસાદ વિદાય લે, ન લે ત્યાં સુધીમાં શરદ ઋતુની સવારી આવી પહોંચે છે. આસો માસની એકમથી નવ દિવસ સુધી નોરતાંનો ઉત્સવ ઊજવાય છે. નવલા નોરતાના આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા હોય શિલ્પકારો દ્વારા અવનવા ગરબા બનાવવામાં આવ્યા છે જોકે માય ભક્તો દ્વારા અગરબાની ખરીદી મોટે ભાગે પહેલા નવરાત્રીના દિવસે કરવામાં આવે છે ગત વર્ષ કરતા ગરબા ની કિંમતમાં આ વર્ષે ૧૫% નો વધારો નોંધાયો છે

# સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત તથા ગંદકી કરતા આસામી સામે દંડની કાર્યવાહી હાથ ધરાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે તારીખ ૨૬/૦૯/૨૦૨૪ થી ૨૭/૦૯/૨૦૨૪ ૨ દિવસ દરમિયાન ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં તા. ૨૬/૦૯/૨૦૨૪ થી ૨૭/૦૯/૨૦૨૪ ૨ દિવસ દરમિયાન ત્રણેય ઝોનમાંથી કુલ ૯૮ આસામીઓ પાસેથી ૬.૭૧૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૨૪૫૦૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૪૮ આસામીઓ પાસેથી ૨.૩ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૯૦૬૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૨ આસામીઓ પાસેથી ૩.૨૪૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૭૮૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પરઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૮ આસામીઓ પાસેથી ૧.૧૭ કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીકજપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૫૭૦૦/-નો વહીવટી ચાર્જ સુલવામાં આવેલ છે. ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરશ્રીની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરશ્રીના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/ સેનીટેશન ઓફિસરહાજરીમાં સેનેટરી ઈન્સ્પેકટર/ સેનેટરી સબ ઈન્સ્પેકટર દ્વારા કરવામાં આવેલ.

# ગોંડલના ચોરડી ગામની સીમમાં ખેડૂત પર પાડોશીનો હુમલો

**મુખ્ય સમાચાર,ગોંડલ**

ગોંડલ તાલુકાના ચોરડી ગામની ટીંબા સીમમાં આવેલી વાડીએ ખેડૂતને શેઢા પાડોશીએ કોદાળીના ઊંધા ઘા ફટકારી તથા તેની પત્નીને આંખમાં ધૂળ નાખી હુમલો કરનાર દંપતી અને તેના પુત્રે મળી ઢીકાપાટુ મારમાર્યો હતો.ખેતરમાં પાઈપ લાઈન નાખવા બાબતે આ બોલાચાલી થયા બાદ મામલો બિચકયો હતો.હત્પમલો કરવામાં આવ્યો હતો. માથાકૂટ અંગે બન્ને પક્ષે સામસામી પોલીસ ફરિયાદ થવા પામી છે.તાલુકાના ચરખડી ગામે રહેતા અને અહીં ચોરડી ગામની સીમમાં ટીંબા વિસ્તાર માં ખેતીની જમીન ધરાવતા ખેડૂત ચંદુભાઈ સામંતભાઈ કંડોલીયા(ઉ.વ ૫૦) દ્વારા ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે ચરખડી ગામે રહેતા દીપક બાબુભાઈ કંડોલિયા, મંજુલાબેન દીપકભાઈ કંડોલીયા અને ભરત બાબુભાઈ કંડોલિયાના નામ આપ્યા છે. ચંદુભાઈએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતુ કે, તેઓને ચોરડી ગામની ટીંબા વિસ્તાર તરીકે ઓળખાતી સીમમાં વાડી આવેલી છે. તેની બાજુમાં જ તેમના મોટાભાઈ ભીખુભાઈની જમીન છે જે તેમણે વાવવા માટે દિપક કંડોલીયાને આપી છે. ફરિયાદીના વાડીએ જવાના રસ્તામાં વચ્ચેથી દીપક પાણીની પાઈપલાઈન નાખતો હોય જેથી તેને આ રીતે રસ્તામાં પાણીની પાઈપલાઈન ન નાખવા માટે કહેતા દિપક ફરિયાદી ચંદુભાઈ તથા તેમના પત્ની વર્ષાબેન સાથે ઝઘડો કરવા લાગ્યો હતો અને ગાળાગાળી કરવા લાગ્યો હતો ગાળો આપવાની ના કહેતા દીપકે ઉશ્કેરાય કોદાળીના હાથા વડે ફરિયાદીને પગમાં ઘા ફટકારી દીધા હતાં. કોદાળી આંચકી લેતા દિપકની પત્ની મંજુલાએ આવી ફરિયાદીની આંખમાં ધુળ નાખી બાદમાં તેને ઢીકાપાટુનો માર માર્યો હતો દરમિયાન દિપકનો નાનો ભાઈ ભરત પણ અહીં આવી ગયો હતો અને તે પણ ગાળાગાળી કરવા લાગ્યો હતો તેમજ ફરિયાદીને માર મારવા લાગ્યા હતા બાદમાં આ ત્રણેય જતા રહ્યા હતા. ઘવાયેલા ચંદુભાઈને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

સામાપક્ષે બટુકભાઈ ઉર્ફે દીપકભાઈ બાબુભાઈ કંડોલીયા(ઉ.વ ૩૬ રહે. ચરખડી) દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે ચંદુ સામંતભાઈ કંડોલિયા, વર્ષાબેન ચંદુભાઈના નામ આપ્યા છે. જેમાં તેમણે જણાવ્યું હતુ કે, તેમણે શાખ પર ભીખુભાઈ કંડોલીયાની વાડી વાવવા માટે રાખી હોય અહીં પાણીની પાઈપલાઈન નાખવા બાબતે આરોપી દંપતિએ તેમની સાથે ઝઘડો કરી તારા બાપનો રસ્તો નથી તું અહીં રસ્તા ઉપર લાઈન દાટવાનું રહેવા દે તેમ કહી ગાળો આપી ફરિયાદીના હાથમાંથી કોદાળી આંચકી લઈ તેનો અઁધો ઘા પગના ભાગે માર્યા હતો તેમજ મૂંઢમાર માર્યો હોવાનું જણાવ્યું છે. પોલીસે બન્ને પક્ષની ફરિયાદ લઈ તપાસ હાથ ધરીછે.

# અમદાવાદમાં ૧૮ PI, ૨૦ PSIની અરસ પરસ બદલી

## રાજકોટ ફરજ બજાવી ગયેલા ભુંકણની સોલા, એમ.બી.નકુમની સાયબર ક્રાઈમમાં બદલી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ.મલિક દ્વારા શહેરના અલગ-અલગ પોલીસ મથક તેમજ બ્રાન્ચમાં ફરજ બજાવતાં ૧૮ પીઆઈ તેમજ ૨૦ પીએસઆઈની આંતરિક બદલીના હુકમ કરવામાં આવ્યા હતા. જે ૧૮ પીઆઈની બદલી કરવામાં આવી છે તેમાં વટવા જીઆઈડીસી પોલીસ મથકના પીઆઈ તરીકે અનેક ગુન્હાના ભેદ ઉકેલી નાખનાર એન.ડી.નકુમને સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ (એસઓજી)માં મુકવામાં આવ્યા છે. આ ઉપરાંત રાજકોટમાં ફરજ બજાવી ચૂકેલા કે.એન.ભુંકણની સાયબર ક્રાઈમમાંથી સોલા પોલીસ મથકમાં બદલી કરાઈ છે. પીઆઈ એન.ડી.નકુમ વટવા જીઆઈડીસી પીઆઈ એન.ડી.નકુમને એસઓજીમાં મુકાયા જ્યારે રાજકોટમાં ક્રાઈમ બ્રાન્ચ, ટ્રાફિક બ્રાન્ચ સહિતમાં ફરજ બજાવી ચૂકેલા એમ.બી.નકુમને એસઓજીમાંથી સાયબર ક્રાઈમમાં મુકવામાં આવ્યા છે. આ બદલીમાં એસઓજીના ચાર તેમજ ક્રાઈમ બ્રાન્ચના એક પીઆઈની બદલી કરાઈ છે જેની સામે ક્રાઈમ બ્રાન્ચમાં બે અને એસઓજીમાં ચાર નવા પીઆઈ મુકવામાં આવ્યા છે.

આ જ રીતે ૨૦ પીએસઆઈની પણ બદલી કરવામાં આવી છે જેમાં રાજકોટ ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવી ચૂકેલા અને અમદાવાદમાં કારંજ પોલીસ મથકમાં કરજ બજાવતા કે.ડી. પટેલને એલસીબી ઝોન-૨માં બદલી કરવામાં આવી છે.

# કેશોદની યુવતિ પર દુષ્કર્મ કરનાર અને મદદગારી કરનાર પિતા સહિત બેની ધરપકડ

**મુખ્ય સમાચાર,રાજકોટ**



કેશોદ શહેરમાં ટોક ઓફ ધી ટાઉન બનેલાં દુષ્કર્મ અને એટ્રોસીટી એકટના ગુનાની ચર્ચા જોરશોરથી ચાલી રહી છે જેમાં કેશોદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી યુવતી સાથે સંબંધ બાંધી લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવીને કેશોદના મકસુદ ચોક વિસ્તારમાં રહેતાં માહીરભાઈ મુસાભાઈ મહીડા પોતાના ઘરે અને દુકાને વારંવાર દુષ્કર્મ આચર્યુ હોય ત્યારે યુવતીએ લગ્ન કરવા વાત કરતાં યુવાન પોતાના ઘરે પરિવારજનો સાથે વાત કરવા બોલાવતાં યુવાનનાં પિતા મુસાભાઈ મહીડા અને પુત્ર માહીરભાઈ મુસાભાઈ મહીડા એ યુવતીને અપશબ્દો કહેતા યુવતીએ કેશોદ પોલીસ સ્ટેશન ખાતે પોલીસ ઈન્સપેકટર પી એ જાદવ સમક્ષ પોતાની આપવીતી કહી હતી. જેથી કલમ ૬૪(૨)(એમ) ૬૯,૨૯૬,૩૫૧(૩), ૫૪, એટ્રોસીટી એકટ કલમ ૩(૧) (ડબલ્યુ), ૩(૨) (૫), ૩(૧) (આર) ( એસ) હેઠળ માહીરભાઈ મુસાભાઈ મહીડા અને મુસાભાઈ મહીડા વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી. ડીવાયએસપી બી સી ઠકકર ના માર્ગદર્શન હેઠળ કેશોદ પોલીસ સ્ટેશન ના પોલીસ ઈન્સપેકટર પી એ જાદવ દ્વારા સર્વેલન્સ અને ટેકનોલોજી નો ઉપયોગ કરી ગણતરીના કલાકોમાં દુષ્કર્મ આચરી ભોગ બનનાર યુવતીને જ્ઞાતિ પ્રત્યે હડધુત કરવાના ગુનામાં સંડોવાયેલા માહીરભાઈ મુસાભાઈ મહીડા અને મુસાભાઈ મહીડા ને હસ્તગત કરી ફરીયાદી સમક્ષ ઓળખ કરાવી ધરપકડ કરવામાં આવી છે અને તબીબી તપાસ સહિત પુરાવાઓ એકત્રીત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે બન્ને આરોપીઓને કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવશે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જેતપુરના પીપળવા ગામે ટીબીની બિમારીથી કંટાળી વૃધ્ધાનો આપઘાત

■ એસિડ પી લેતાં રાજકોટ ખસેડાયા પણ દમ તોડી દીધો



**મુખ્ય સમાચાર,રાજકોટ**

જેતપુરના પીપળવા ગામે રહેતાં મંજુલાબેન મનસુખભાઈ ચાવડા (ઉ.વ.૫૫) નામના મહિલાએ એસિડ પી આપઘાત કરી લેતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો.

પીપળવા રહેતાં મંજુલાબેને ગત ૨૦મી તારીખે સવારે દસેક વાગ્યે ઘરે એસિડ પી લેતાં જેતપુર સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો. હોસ્પિટલ ચોકીના રામશીભાઈ વરૂ, કેતનભાઈ નિકોલા, ભાવેશભાઈ, તૌકિફભાઈ, ધર્મેન્દ્રભાઈએ જેતપુર તાલુકા પોલીસને જાણ કરી હતી.

આપઘાત કરનાર મંજુલાબેનને સંતાનમાં બે પુત્ર છે. પતિ ખેત મજૂરી કરે છે. ટીબીની બિમારી વર્ષોથી હોઈ સારવાર કરાવવા છતાં ફરક પડતો ન હોઈ કંટાળી જઈ આ પગલુ ભરી લીધાનું પરિવારજનોએ કહ્યું હતું.

# જળેશ્વરમાં ભયાનક માર્ગ અકસ્માતઃ શ્રધ્ધાળુઓથી ભરેલી બસ ૨૦ ફૂટ ઊંડા ખાડામાં ખાબકી, ૪ના મોત

**મુખ્ય સમાચાર,ઓડિશા**

ઓડિશાના બાલાસોર જિલ્લાના જળેશ્વરમાં એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. નેશનલ હાઈવેથી એક પેસેન્જર બસ ૨૦ ફૂટ ઊંડા ખાડામાં પડી હતી. આ અકસ્માતમાં ચાર લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા અને ૨૩ લોકો ઘાયલ થયા હતા. મૃતકોમાં એક મહિલાનો પણ સમાવેશ થાય છે. ઘાયલોમાંથી ૧૬ની હાલત ગંભીર હોવાનું કહેવાય છે.

ઉત્તર પ્રદેશના ૫૭ શ્રદ્ધાળુઓ જગન્નાથ મહાપ્રભુના દર્શન કરવા માટે નકૃષ્ણથ નામની બસમાં પુરી જવા નીકળ્યા હતા. તે ૧૮ માર્ચે ઉત્તર પ્રદેશથી નીકળ્યો હતો. બસ ગઈકાલે રાત્રે કોલકાતાથી પુરી જવા રવાના થઈ હતી. રાત્રે લગભગ ૧ વાગે નેશનલ હાઈવે ૬૦ પર બસ સંતુલન ગુમાવ્યું હતું અને નેશનલ હાઈવેથી ૨૦ ફૂટ ઊંડા ખાડામાં પડી હતી.


માહિતી મળતાં જ નેશનલ હાઈવે પેટ્રોલિંગ વાન, જળેશ્વર પોલીસ અને ફાયર બ્રિગેડ ઘટનાસ્થળે પહોંચીને બચાવ કામગીરી શરૂ કરી હતી. ૨૩ ઘાયલ લોકોને તાત્કાલિક બસમાંથી બહાર કાઢીને પહેલા જળેશ્વર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમાંથી ૧૬ને બાલાસોર ડિસ્ટ્રિક્ટ હેડક્વાર્ટર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા કારણ કે



તેમની હાલત વધુ ખરાબ થઈ હતી.

આ અકસ્માતમાં ચાર લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. જેમાં ત્રણ પુરુષ અને એક મહિલા છે. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે બાલાસોર મોકલવામાં આવ્યા છે. મૃતકોની ઓળખ રાજેશ કુમાર મિશ્રા, કમલા દેવી યાદવ, રાજ પ્રસાદ યાદવ અને શાંતારામ યાદવ તરીકે થઈ છે. આ ઉપરાંત જે મુસાફરો સ્વસ્થ છે તેમને તેમના ઘરે મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

# ગોંડલ રોડ પર રાજકમલ પેટ્રોલ પંપ પાસેથી ચાર ચોરાઉ મોબાઈલ સાથે બેલડી ઝડપાઈ





શહેરના ગોંડલ રોડ પર આવેલ રાજકમલ પેટ્રોલ પંપ પાસેથી બે શખ્સોને માલવચા નગર પોલીસે મોબાઈલ ચોરી નાગુનામાં ઝડપી લઈ કાર્યવાહી હાથ ધરી છે. માલવીચા નગર પોલીસ મથકના કોન્સ્ટેબલ મયુરદાન અને જયદીપસિંહ સહિતનો સ્ટાફ ગોંડલ રોડ પર પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન રાજકમલ પેટ્રોલ પંપ વાળી શેરીમાં વિશ્વ નગર મહુડી રોડ પર રહેતો વિશાલ મહેશ રાઠોડ અને ભગવતી પરા પાસે આજી નદીના કાંઠે રહેતો અનિલ પ્રવીણ રાઠોડ નામના બે શખ્સો શંકાસ્પદ રીતે નીકળતા પોલીસે તેને અટકાવી તલાસી લેતા તેના ખિસ્સામાંથી રૂપિયા ૩૩ હજારની કિંમતના ચાર ચોરાવ મોબાઈલ મળી આવતા પોલીસે બંને શખ્સોની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે

# રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રખડતા ભટકતા શખ્સો સામે કાર્યવાહીઃ પોલીસ મંથકે લઈ જવાયા



રાજકોટ સિવિલ હોસિપટલમાં સારવાર અર્થે આવતા દર્દી અને તેના સગાના વાહનો, પાકિટ અને મોબાઈલ ચોરી થયાની ઘટનાઓ છાસવારે સામે આવી રહી છે. ત્યારે સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા દર્દી અને તેના સગાઓની નિશાન બનાવતા આંગણીના ઈલમો સામે પોલીસે કાર્યવાહી કરી હોય તેમ આજે સિવિલ હોસ્પિટલમાં સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધર્યુ હતું. ચેકીંગ દરમિયાન સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં પડયા પાથર્યા રહેતા શખ્સોને પ્રનગર પોલીસ મથકના પીઆઈ ભાર્ગવ ઝણકાટ, પોલીસ જમાદાર જયુભા પરમાર, સિવિલ હોસ્પિટલના ઈન્ચાર્જ અજીતસિંહ જાડેજા અને સુપરવાઈઝર જનકસિંહ ઝાલા દ્વારા પ્રનગર પોલીસ મથક ખાતે લઈ જવામાં આવ્યા હતાં. અને તેઓની પુછપરછ કરતા તેઓના કોઈ સગા સિવિલ હોસ્પિટલમાં દાખલ નહીં હોવાની કબુલાત આપી હતી. સિવિલ હોસ્પિટલમાં પડયા પાથર્યા રહેતા તત્વો વિરુદ્ધ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# મેહેંદી આર્ટિસ્ટ યુવતીના ફોટાવાળું ઈન્સ્ટાગ્રામ પર સ્ટેટસ ચડાવી મારી નાખવાની ધમકી આપી

■ બે શખ્સોએ યુવતીનો પીછો કરી તેમજ તેણીના માતાપિતાને ચડામણી કરી જીવવું હરામ કરી નાખ્યું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ઉપલેટામાં મેહેંદી આર્ટિસ્ટ યુવતીના ફોટાવાળું ઈન્સ્ટાગ્રામ પર સ્ટેટ્સ ચડાવી મારી નાંખવાની ધમકી આપી બે શખ્સોએ યુવતીનો પીછો કરી તેમજ તેણીના માતાપિતાને ચડામણી કરી જીવવું હરામ કરી નાંખતા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા બંને શખ્સો વિરૂદ્ધ કાર્યવાહી કરી હતી.

બનાવ અંગે ઉપલેટાના નટવર રોડ પર રહેતી ૨૯ વર્ષીય મેહેંદી આર્ટિસ્ટ યુવતીએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે શાહનવાઝ ઉર્ફે ચાચુ અને જીલાની બાપુ (રહે. બંને ઉપલેટા) નું નામ આપતાં ઉપલેટા પોલીસે બીએનએસ એક્ટ ૭૮ (૧), ૩૫૧(૩) અને આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેણી મેહેંદી આર્ટિસ્ટનું કામ કરે છે.

મેહેંદી આર્ટિસ્ટની જાહેરાત માટે પોતાનું ઈન્સ્ટાગ્રામ આઈડી શરૂ કરેલ હતું. આરોપી શાહનવાઝ તેણીના પરિચયમાં અને તેમની સાથે ઓનખાણ હતી. આરોપીએ પોતાના ઈન્સ્ટાગ્રામ આઈડી પર ફરિયાદી યુવતીના ફોટાવાળી સ્ટોરી મૂકી વાયરલ કરી હતી. જેથી યુવતીએ આરોપીનું ઈન્સ્ટાગ્રામ આઈડી બ્લોક કરી નાંખ્યું હતું. બાદમાં આરોપીએ પોતાના નામનું નવું આઈડી બનાવી તેમાંથી યુવતીને હેરાન કરવાનું શરૂ કરતા યુવતીએ તેને સમજાવેલ પરંતુ તે સમજતો ન હતો.

ઉપરાંત તે ફરિયાદી યુવતીના માતા-પિતાને ખોટી કાન ભંભેરણી કરી તેણી વિરૂદ્ધ ચડામણી કરી હેરાન કરવાનું ચાલુ કર્યું હતું. તેમજ આરોપી શાહનવાઝે અન્ય આરોપી જીલાની બાપુ સાથે મળી યુવતી જ્યારે ઘર બહાર નીકળે ત્યારે રસ્તામાં આરોપી તેણીને આંતરી હેરાન કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતાં હતાં.

તેમજ યુવતીની સહમતિ વગર અને જાણ બહાર તેણીના ફોટાવાળી સ્ટોરી આરોપી શાહનવાઝે ઈન્સ્ટાગ્રામ આઈડી પર રાખી યુવતીના ખાનગીપણાનો ભંગ કર્યો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી ઉપલેટા પોલીસે ગુનો નોંધી પીઆઈ બી.આર.પટેલ અને ટીમે તપાસ હાથ ધરી આરોપીઓને નોટિસ આપી કાર્યવાહી કરી હતી.

# અટલ સરોવર પાસે જાહેર રોડ પર બર્થ ડે ઉજવણી કરવાનું યુવાનોને ભારે પડ્યું

## વિડિયો વાયરલ થયા બાદ પોલીસે પાંચ શખસોને ઝડપી લીધા, બેની શોધખોળ



આજની યુવાપેઢીને સોશ્યલ મીડીયામાં ફેમસ થવાનું ભુત વડગયું છે. તેમ અવાર નવાર જાહેર રોડ પર પોતાની જાગીર સમજી સ્ટંટ કરતા હોવાના વિડિયો સોશ્યલ મીડીયામાં વાયરલ થતા હોય છે. ત્યારે ગત.તા.૨૫ ના નવા રીંગ રોડ પર આવેલ અટલ સરોવર પાસે જાહેર રોડ પર વૈભવી કારો ઉભી રાખી ફટાકડા ફોડી જન્મદિવસની ઉજવણી કરતા નબીરાઓનો વિડિયો વાયરલ થતા પોલીસ અકેશનમાં આવી હતી. સોશ્યલ મીડીયામાં થયેલ વાયરલ વિડિયો અંગે યુનિવર્સિટી પોલીસે દિગપાલસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા, પરાક્રમસિંહ ભરતસિંહ વાઘેલા, હેતાંક્ષ અનિલભાઈ વાઘેલા, રાજવીરસિંહ ઘનશ્યામસિંહ જાડેજા, યશ પરેશભાઈ ગજજરને ઝડપી લીધા હતા જ્યારે શાહિલ સાંધ, અને રાજન ભીમાભાઈ બાંમ્ભવાની શોધખોળ હાથ ધરી છે પોલીસની પ્રાથમિક તપાસમાં દિગપાલસિંહ રાજેન્દ્રસિંહ જાડેજાનો જન્મદિવસ હોય જેથી સેલીબ્રેશન કરેલ હતું

# પડધરીના ખંઢેરીમાં કપાતર પુત્રનો માતા-બહેન પર પાઈપથી હુમલો

પડધરીના ખંઢેરીમાં માતા અને બહેન પર પુત્રએ પાઇપથી હુમલો કર્યો હતો. ખંઢેરી ગામે માતા સાથે રહેતા મીરાબેન યાજ્ઞિકભાઈ જાટિયા (ઉ.વ.૩૭)એ પડધરી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે તેના જ સગાભાઈ વિક્રમ કાના સોનારાનું નામ આપ્યું હતું. મીરાબેને ફરિયાદમાં જણાવ્યું હતું કે, માતા રાઈબેનની દવા લેવા રાજકોટ જવાનું હોય રાઈબેન અને મીરાબેન ચાલીને નીકળ્યા હતા, રસ્તામાં ભાઈ વિક્રમની વાડી આવતા માતા પુત્રી પાણી પીવા વાડીએ ગયા હતા, વાડીમાં કામ કરતાં મજૂરે જાણ કરતાં વિક્રમ સોનારા રિક્ષા લઈને વાડીએ પહોંચ્યો હતો અને તમે અહિયા કેમ આવ્યા કહી માતા પુત્રીને પાઈપના ઘા ઝીંક્યા હતા, અહિ આવશો તો જાનથી મારી નાખીશ તેવી ધમકી પણ આપી હતી. પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથધરી હતી.

# ભગવતીપરાના જયપ્રકાશનગરમાંથી સગીરાનું અપહરણ

શહેરના ભગવતીપરા વિસ્તારમાંથી સગીરાનું અપહરણ થયું હતું, ભગવતીપરાની જયપ્રકાશ સોસાયટીમાં રહેતી ૧૬ વર્ષની સગીરા ગત તા.૧૫ના બપોરે પોતાના ઘર નજીકથી લાપતા થઈ હતી, લાંબો સમય વિતવા છતાં પુત્રી ઘરે પરત નહી આવતા પરિવારજનોએ શોધખોળ શરૂ કરી હતી, સગાસંબંધીઓ અને પરિચિતોને ત્યાં પૃચ્છા કરી અનેક સ્થળે શોધખોળ કરતા સગીરાને એ વિસ્તારનો રોહિત ઉર્ફે રોહન મહેશ લોલાડિયા ઉઠાવી ગયાનું જાણવા મળ્યું હતું, આ મામલે અંતે સગીરાના પિતાએ ફરિયાદ નોંધાવતાં પોલીસે રોહિત લોલાડિયા સામે અપહરણનો ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરી હતી.

# ગવરીદડથી ૧૮ વર્ષની યુવતી રહસ્યમય સંજોગોમાં લાપતા

મોરબી રોડ પર ગવરીદડમાં ખેત મજૂરી કરતાં પરિવારની ૧૮ વર્ષની યુવતી લાપતા થઈ જતા મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો. ગવરીદડમાં સતિષભાઈ સોરઠિયાની વાડીમાં ખેત મજૂરી કરતા ધોળસિંગભાઈ કાબલાભાઈ રાઠવા (ઉ.વ.૪૨)એ કુવાડવા પોલીસ સ્ટેશનમાં તેની પુત્રી કિંજલ (ઉ.વ.૧૮) ગુમ થયા અંગેની જાણ કરી હતી. ધોળસિંગભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તા.૨૬ની રાત્રિના પરિવારના તમામ સભ્યો સાથે ભોજન લીધું હતું અને બાદમાં સૂઈ ગયા હતા. ૧૨.૩૦ વાગ્યા સુધી પુત્રી કિંજલ સાથે હતી. ત્યારબાદ એકાદ વાગ્યાના અરસામાં યુવાન પુત્રી નજરે નહીં ચડતાં આસપાસમાં તેની શોધખોળ કરી હતી પરંતુ ક્યાંય પતો લાગ્યો નહતો. કિંજલને તેનું કોઈ પરિચીત ઉઠાવી ગયું કે અન્ય કોઈ બાબત છે તે ભેદ ઉકેલવા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# બહુમાળી ભવન ચોક પાસે રીક્ષા ચાલક આપઘાત કરે તે પહેલા પોલીસે અટકાવ્યો

## વ્યાજખોરોને રીક્ષા ચાલકે ૫૩ હજારના એક લાખ ચુકવ્યા છતાં પઠાણી ઉઘરાણી કરતા હોવાનો આક્ષેપ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના મવડી વિસ્તારમાં રહેતા રીક્ષા ચાલક યુવાને વ્યાજખોરોના ત્રાસથી કંટાળી બહુમાળી ચોકમાં ઝેરી દવા પી આપઘાત કરવા માટે પહોંચ્યો હતો. જો કે આપઘાત કરે તે પહેલા જ પોલીસે અટકાયત કરી પોલીસ મથકે લઈ જઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. રીક્ષા ચાલક યુવાને કટકે કટકે વ્યાજે લીધેલા રૂપિયા ૫૩ હજારના બદલામાં એક લાખ ચુકવી દેવા છતાં વ્યાજખોરો હેરાનગતિ કરતાં હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.જાણવા મળતી વિગત મુજબ, મવડી વિસ્તારમાં રહેતા પ્રભુભાઈ રમેશભાઈ લોહાણા (ઉ.આ.૩૮) નામનો રિક્ષા ચાલક યુવાન આજે સવારે રેસકોર્ષ રીંગ રોડ પર બહુમાળી ભવન ચોકમાં ઝેરી દવા પી આપઘાત કરવા માટે પહોંચ્યો હતો. જો કે યુવાન આપઘાત કરે તે પહેલા



જાગૃત નાગરિક દ્વારા પોલીસ કંટ્રોલ રૂમમાં જાણ કરવામાં આવતાં પીસીઆર વાન દોડી ગઈ હતી. રીક્ષા ચાલક યુવાન ઝેરી દવા પીવે તે પહેલા જ પોલીસ સ્ટાફ દ્વારા તેની અટકાયત કરી પીસીઆર વાનમાં બેસાડી પ્ર.નગર પોલીસ મથક ખાતે લઈ જવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યા મુજબ પ્રભુભાઈ રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતાં હોય નાણાંની જરૂરીયાત ઉભી થતાં તેમણે અલગ અલગ ચારથી પાંચ લોકો પાસેથી રૂપિયા ૫૬ હજાર વ્યાજે લીધા હતાં. જેના તેમણે એક લાખ જેટલા ચુકવી દેવા છતાં વ્યાજખોરો મુદલ રકમની પઠાણી ઉઘરાણી કરી હેરાન કરતાં હોય અને તેમની પત્નીના સોનાના બુટીયા અને લગ્નની સાડી પણ પડાવી ગયા હોય આમ છતાં અવારનવાર પઠાણી ઉઘરાણી કરતાં હોવાથી કંટાળી જઈ તેમણે આપઘાત કરવાનું નકકી કર્યુ હોવાનું જાણવા મળ્યું હતું.

# સેન્ટર જેલમાંથી પેરોલ ઝંપ કરનાર કેદી જામજોધપુરમાં ખેતમજૂરી કરતા ઝડપાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભરૂચના જંબુસરના ટુંડજ ગામનો રહેવાસી અને સાત મહિનાથી રાજકોટ જેલમાં હાજર નહિ થયેલા હત્યા કેસના આરોપીને પોલીસે ઝડપી પાડયો છે. રાજકોટની મધ્યસ્થ જેલમાં ઘનશ્યામ ઉર્ફે રાજુ ચરોતરાને ઈ.પી.કો. કામે કોર્ટ કલમ.૩૦૭ મુજબના ગુનાના કા તરફથી ૧૦ વર્ષની સજા ફટકારવામાં આવી છે. આરોપી રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે સજા ભોગવી રહેલો હતો તે દરમ્યાન તેને દિન-૧૪ ની પેરોલ રજા મળી હતી.પરતું તેની ૧૪ રજા પૂર્ણ થઈ ગઈ હોવા છતાંય તે આરોપી જેલ ખાતે હાજર નહિ થઈને ભાગતો ફરતો હતો.ભરૂચ પેરોલ ફર્લોની ટીમે ફરાર આરોપીઓને ઝડપી પાડવાની ઝૂંબેશ હાથ ધરી છે જેમાં સદર આરોપી વિશે બાતમી મળી હતી. આરોપી જામનગર જીલ્લાના જામજોધપુર ખાતે નીતીન બંસરીવાલાના ખેતરમાં રહી છુટક મજુરી કરે છે તેવી માહિતી મળતાં જ ત્યાં છાપે મારવામાં આવ્યો હતો.

આરોપીને ઝડપી પાડી રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે સોંપવામાં આવ્યો છે. આરોપી કેટલા સમયથી ખેતરમાં કામ કરતો હતો અને અન્ય કોઈ સ્થળે રોકાયો હતો કે કેમ તેની વિગતો ભરૂચ છે.

# પોલીસ પ્રજાનો સાચો મિત્રઃ રિક્ષામાં ભૂલી ગયેલ તળાજાના મુસાફરનો રૂા.૨ લાખનો થેલો પરત અપાવ્યો


## ગાંધીગ્રામ પોલીસે રિક્ષાચાલકની શોધી થેલો પરત અપાવ્યોઃ પીઆઈ કે. જે. કરપડાની રાહબરીમાં મસરીભાઈ ભેટારીયા, પ્રદિપભાઈ, પ્રશાંતભાઈની કામગીરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પોલીસ પ્રજાનો મિત્ર એ સુત્રને ગાંધીગ્રામ પોલીસની ટીમે સાર્થક કર્યુ છે. ભાવનગરના તળાજાના ચંદ્રજીતસ્હિં યુવરાજસિંહ ગોહિલ પોતાના માતા સાથે તળાજાથી રાજકોટ સંબંધીને ત્યાં આવ્યા હોઈ તેઓ નાગરિક બેંક ચોકથી ઓટો રિક્ષામાં બેસી સગાને ત્યાં જવા રવાના થયા હતાં. નિર્મલા રોડ પર યોગી નિકેતન સોસાયટીમાં તેઓ રિક્ષામાંથી ઉતર્યા હતાં. તે વખતે પોતાની સાથેના ત્રણ થેલામાંથી એક થેલો રિક્ષામાં ભુલી ગયા હતાં. એ થેલામાં સોનાનું મંગલ સુત્ર, વીંટી, રોકડા દસ હજાર, કપડા મળી બે લાખની માલમત્તા હતી. આ અંગે તેમણે ગાંધીગ્રામ પોલીસને જાણ કરતાં ટીમો કામે લાગી હતી. આઈવે પ્રોજેક્ટના અલગ અલગ સીસીટીવી કેમેરાના ફુટેજ ચેક કરતાં હેડકોન્સ. મસરીભાઈ ભેટારીયા, કોન્સ. પ્રદિપભાઈ ડાંગર અને પ્રશાંતભાઈ ગજેરાને રિક્ષાની માહિતી મળી આવતાં ચાલકનો સંપર્ક કરી પુછતાછ કરતાં તેણે પોતાનું નામ નલીનભાઈ ડાયાભાઈ ચાચીયા જણાવ્યું હતું. તેણે કહ્યું હતું કે પોતે નિર્મલા રોડ પર મુસાફરને ઉતારીને બીજુ ભડુમળતાં તેને પણ ઉતરવા ગયેલ. બે કલાક પછી રિક્ષામાં જોતાં થેલો પડયો હતો. એ થેલો કયા પેસેન્જરનો છે તેની તપાસ પોતે કરતાં હતાં. તેમજ પોલીસ પાસે જવાની તૈયારીમાં હતાં ત્યાં જ પોલીસે પોતાનો સંપર્ક







કર્યો હોવાનું કહેતાં તેને પોલીસ સ્ટેશને બોલાવી તેના હસ્તે જ મુળ માલિકને તેનો થેલો પરત અપાવ્યો હતો. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી રાધીકા ભારાઈની રાહબરીમાં પીઆઈ કે. જે. કરપડાના માર્ગદર્શન હેઠળ આ કામગીરી થઈ હતી.

# બાબરીયા કોલોનીમાં નામચીન ત્રિપુટીએ સમાધાન કરવાનુ કહી બાઈકમાં તોડફોડ કરી મચાવ્યો આતંક

## કારમાં આવેલા પાંચેય શખ્સોએ યુવાન અને તેના મામાને ધમકી આપ્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ભક્તિનગર વિસ્તારમાં આવેલા બાબરીયા કોલોનીમાં રહેતા નામચીન શખ્સોએ શ્રધધા પાર્ક પાસે કવી કલાપી ટાઉનશીપમાં પહોંચી આતંક મચાવ્યો હતો અને અગાઉની પોલીસ ફરિયાદમાં સમાધાન કરવાનું કહી યુવકના મામાને ધમકી આપી અને વાહનમાં તોડફોડ કરી લોકોમાં ભય ફેલાવ્યો હતો. આ મામલે ભકિતનગર પોલીસના સ્ટાફે આરોપીઓને સકંજામાં લેવા તજવીજ શરૂ કરી છે.મળતી વિગતો મુજબ, શ્રધ્ધા પાર્ક પાસે કવી કલાપી ટાઉનશીપ ચોથા માળે રહેતા સુરજ કાળુભાઈ મોરી નામના યુવાને પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે, બે વર્ષ પહેલા સાલ ૨૦૨૨માં પોતાના મામા પપ્પુભાઈ ભાલીયા પર બાબરીયા કોલોનીમાં રહેતા નામચીન ત્રિપુટી ભાઈઓ જીજ્ઞેશ ઉર્ફે બાવકો, દિનેશ ઉર્ફે બચુ અને રણજીત ઉર્ફે કાનો વિરૂધ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આ કેસ કોર્ટમાં ચાલતો હોય જેથી ગઈ તા.૨૫-૯નાં રોજ ફરિયાદી સુરજ અને તેમના મામા પપ્પુભાઈ બન્ને કોર્ટમાં મુદત સમયે હાજર થયા હતાં ત્યારે આરોપીના વકીલે કોર્ટમાં સમાધાન માટેનું કહ્યું હતું. જેથી સુરજ અને તેમના મામાને સમાધાન કરવું ન હોય તેથી તેઓએ સમાધાન માટે ના પાડી દીધી હતી. ત્યારબાદ કેસની બીજી મુદત પડી જતાં બન્ને પક્ષ ત્યાંથી છૂટા પડયા હતાં ત્યારબાદ જિશ ઉર્ફે બાવકાએ ફોન કરી સમાધાનનું કહ્યું હતું. જેથી સુરજે સમાધાનની ના પાડી દેતાં આરોપીએ ધમકી આપી હતી કે નગમે ત્યારે ઉપાડી લઈશ અને તારા હાલ બેહાલ કરી નાખીશ. ત્યારબાદ ગઈકાલે સાંજના



સમયે આરોપીઓ સુરજના મામાના ઘર પાસે કાર લઈ પહોંચ્યા હતાં અને કારમાંથી નામચીન ત્રિપુટી સહિત પાંચેય શખ્સો જેમાં જીગ્રેશ ઉર્ફે બાવકો અરવિંદભાઈ ગોહેલ, દિનેશ ઉર્ફે બચુ અરવિંદ ગોહેલ અને ચિરાગ ઉર્ફે બકાલી સહિત પાંચ તેઓએ આવી ગાળાગાળી કરી હતી અને ત્યારબાદ સોસાયટીમાં રહેતા પ્રફુલભાઈનો ફોન આવ્યો હતો કે તમે કારખાને ગયા હતાં ત્યારે આરોપીઓ કારમાં આવ્યા હતાં અને સોસાયટીના સિક્યોરિટીને તમારા બાબતે પુછપરછ કરતાં હતાં. તેમજ આરોપી દિનેશ પાસે હાથમાં છરી હતી અને તમામ લોકો ત્યાં ટાઉનશીપ નજીક આંટાફેરા કરતાં હતાં અને ત્યાં ઘર નજીક પડેલ મનીષભાઈના બાઈકમાં તોડફોડ કરી રૂા.૧૦,૦૦૦નુ નુકસાન કર્યુ હતું. આ મામલે ભક્તિનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પીએસઆઈ એમ.એન.વસાવા સહિતના સ્ટાફે તપાસ શરૂ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આરોપી જીગ્નેશ અને તેનો ભાઈ દિનેશ અને ચિરાગ ઉર્ફે બકાલી અગાઉ મારામારી, હત્યાના પ્રયાસ, દારૂ, જુગાર સહિત ડઝન એક ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકયા છે તેમજ જીજ્ઞેશ અને દિનેશ બન્ને પોતાના રહેઠાણ સ્થળે બાબરીયા કોલોનીમાં સ્થાનિક પોલીસની મીઠી નજર હેઠળ દેશી દારૂનો ધંધો કરતાં હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.